| PUBLICATION NAME : | Divya Bhaskar (City Bhaskar) |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 05/03/24 |
| PAGE : | 9 |



City ભાસ્કર

અમદાવાદ મંગળવાર, 5 માર્ચ 2024

# 'આર્ટિસ્ટિક' હેરિટેજ ફેશન શૉ...

## હસ્તકલા સેતુ દ્વારા ચાર વર્ષમાં ગુજરાતના 21,000થી વધુ કારીગરોને ટ્રેનિંગ અપાઈ

અમદાવાદ : રાજપથ ક્લબ ખાતે યોજાયેલા 'હસ્તકલા સેતુ' એક્ઝિબિશનનાં અંતિમ દિવસે 'આર્ટિસ્ટ્રી અનવેઈલ્ડ ફેશન શૉ' યોજાયો હતો. આ શૉમાં પટોળા, બાંધણી, કાલા કોટન, બીડ વર્ક, એપ્લિક વર્ક, કચ્છી એમ્બ્રોડરી ક્રાફ્ટને યુનિક લુક સાથે સ્ટાઈલ કરી રિપ્રેઝન્ટ કરાયા હતાં. આઉટફિટ લોકલ આર્ટિઝન દ્વારા બનાવવામાં આવેલ હેરિટેજ ક્રાફ્ટને ફેશન ડિઝાઈનર્સ સાથે કોલાબ્રેટ કરીને તૈયાર થયા હતાં. EDII, GCCI વિમેન કોમ્યુનિટી અને ઈન્ડેક્સ્ટસી-સી દ્વારા આ શૉનું આયોજન કરવામાં આવ્યું હતું. હસ્તકલા સેતુ દ્વારા ગુજરાતના 21,000થી વધુ કારીગરોને ટ્રેનિંગ અપાઈ છે.

### જામનગર, કચ્છ, આણંદ, ભરૂચના હેરિટેજ ક્રાફ્ટની રજૂઆત કરાઈ

- બનાસકાંઠાના આર્ટિઝન વિષ્ણુ સુથારે ફેશન ડિઝાઈનર ચિનાર ફારૂકી સાથે એપ્લિક વર્ક અને અર્શના મંધવાની બુદ્ધીસ્ટ ફિલોસોફી પર કામ કર્યું હતું.
- કચ્છથી આવેલા શામજી વણકર અને ખેનગર વણકર અને ડિઝાઈનર કૃષ્ણ પટેલ સાથે મળીને ભુજોડી વિવને રિપ્રેઝન્ટ કરી હતી.
- કચ્છથી આવેલા નરેશ સિજુ અને ગીતા મેરિઆએ ફેશન ડિઝાઈનર પૂર્વી દોશી સાથે મળીને અહિર ક્લેકશન રજૂ કર્યું હતું.
- ભરુચનાં આર્ટિઝન સુરેશ વણકર અને મોઝાકિર સુજનીવાલા ફેશન ડિઝાઈનર નિશીગંધા ખલાડકર સાથે મળીને સુજાની ક્રાફ્ટને રજૂ કર્યું.
- ભાવનગરનાં આર્ટિઝન દિપલ ચૌહણે ફેશન ડિઝાઈનર અપ્રિત અગ્રવાલ સાથે મળીને બીડ ઈટ જ્વેલરીનાં ક્લેકશનને રિપ્રેઝન્ટ કર્યું હતુ
- અમદાવાદથી અરવિંદ પરમાર પટોળામાં ઈક્ત પટોળાનું ક્લેકશનને રિપ્રેઝન્ટ કરાયું હતું.